અપીલ અરજી નં.૮૩ તા.૩–૭–'૦૮.

***અરજદાર*** : શ્રી પદમાબેન રામચંદ્ર સુરતી
***સામાવાળા***:ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)

# ***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પદમાબેન રામચંદ્ર સુરતીની તા.૧૯–૬–૦૮ ની અરજીથી મેહુલકુમાર રામચંદ્ર સુરતીને નોકરીમાં સમાવવા માટે જીએડી/ઈએસટી/૨૮૪ તા.૨૨–૪–૦૮ માં અરજીના અનુસંધાને અરજી નામંજુર કરવા માટેનું કોઈ કારણ આપવામાં આવેલ નથી તબીબી પ્રમાણપત્રનું કારણ અને ઠરાવની શરતોનો હેતુ મજકુર કેસમાં લાગુ પડતો નથી અને સબબ અરજી દફતરે કરવા માટે કોઈ કારણ નહી આપવા પાછળનું કારણ શું? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** *:*– અરજદાર મજકુરની તા.૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૩/–૦૮–૦૯

શ્રી પદમાબેન રામચંદ્ર સુરતીની તા.૧૯–૬–૦૮ ની અરજીથી મેહુલકુમાર રામચંદ્ર સુરતીને નોકરીમાં સમાવવા માટે જીએડી/ઈએસટી/૨૮૪ તા.૨૨–૪–૦૮ માં અરજીના અનુસંધાને અરજી નામંજુર કરવા માટેનું કોઈ કારણ આપવામાં આવેલ નથી તબીબી પ્રમાણપત્રનું કારણ અને ઠરાવની શરતોનો હેતુ મજકુર કેસમાં લાગુ પડતો નથી અને સબબ અરજી દફતરે કરવા માટે કોઈ કારણ નહી આપવા પાછળનું કારણ શું? તેની માહિતી આપવા બાબતે પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૫૩ તા.૨૩–૬–૦૮ ના આપેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં વિસંગતતા કોઈ હોય તો તે બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૫ તા.૧૧–૭–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/આ.નં.૧૬૯૦ તા.૩૦–૭–૦૮ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર અરજદારના આશ્રિત પુત્ર શ્રી હેમંત રામચંદ્ર સુરતી જેઓ તબીબી પ્રમાણપત્ર ધ્યાને લેતાં તેમજ નિર્દિષ્ટ ઠરાવની શરતો/હેતુઓ ધ્યાને લેતાં માંગણી નામંજુર કરવામાં આવેલ તેવો જવાબ નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૪૨૯ તા.૧–૩–૦૫ ના રોજ પત્ર અરજદારને પાઠવવામાં આવેલ છે. અરજદારના આશ્રિત પુત્ર શ્રી મેહુલકુમાર રામચંદ્ર સુરતી નોકરીમાં સમાવવાની રજુઆત બાબતે સદર જવાબ કાયમ હોઈ તેવો પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૨૮૪ તા.૨૨–૪–૦૮ થી પાઠવવામાં આવેલ. ઉપરોકત અરજદારના પુત્ર હેમંત અંગે તા.૧–૩–૦૫ ના પત્રથી કારણ બતાવવામાં આવેલ છે પરંતુ મેહુલ માટે કોઈ કારણ બતાવવામાં આવેલ નથી પરંતુ જીએડી/ઈએસટી/૩૪૨૯ તા.૧–૩–૦૫ થી પાઠવેલ જવાબ કાયમ હોવાનું જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૧૯–૬–૦૮ ની અરજીથી અરજદારે આશ્રિત પુત્ર મેહુલની અરજી દફતરે કરવા અંગે સંદર્ભ કારણ અંગેની માહિતીની માંગણી કરેલ છે. જે વિગતવાર આપવામાં આવેલ જણાતું નથી. બીજા પુત્ર મેહુલ માટે પણ અગાઉનો જવાબ હેમંત માટે આપેલો યથાવત રહેતો હોવાની માહિતી ધ્યાને લેતાં આરટીઆઈ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને ઉપલબ્ધ દફતરી હકીકત અનુસાર માહિતી અરજદાર ધ્વારા માંગણી કર્યેથી દફતરી ઈન્સ્પેકશન સહિત પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,(મહેકમ)..... જાણ તથા અમલમાટે.
(૨) શ્રી પદમાબેન રામચંદ્ર સુરતી